પત્રક્રમાંક-પરચ-૨૦૦૫-૨૩૩૮(૬૦)ક.૩
ફોન:(૦૭૯) ૨૩૨૫૨૨૮૦(P) ૨૩૨૫૪૨૧૮ (O)
(૦૭૯) ૨૩૨૫૪૯૦૧ (R)
ફેક્સ:-(૦૭૯) ૨૩૨૫૧૭૦૮
નર્મદા,જળસંપત્તિ પાણી પુરવઠા અને ક.વિ.
ગુજરાત સરકાર,
૯/૧, સચિવાલય, ગાંધીનગર--૩૮૨ ૦૧૦
તારીખ: ૨૬/૪/૨૦૦૫

વી.એસ.બ્રહ્મભટ્ટ
મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને
અધિક સચિવ

પ્રતિ,
અ.ઇ.શ્રી,અમદાવાદ સિંચાઇ યોજના વર્તુળ, અમદાવાદ
અ.ઇ.શ્રી, જળસંપત્તિ સંશોધન વર્તુળ-અમદાવાદ
અ.ઇ.શ્રી, હિંમતનગર સિંચાઇ યોજના વર્તુળ, હિંમતનગર
અ.ઇ.શ્રી, સુજલામ સુફલામ વર્તુળ નં.૨, મહેસાણા
અ.ઇ.શ્રી, પાલનપુર સિંચાઇ યોજના વર્તુળ, પાલનપુર

INWARD No. ..........
DATE ..........
C.S. ..........
D.S. ..........
D.E. ..........
S.E. ..........

વિષય - સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ચોથા તબકકાના અમલીકરણની કામગીરી બાબત.

સંદર્ભ - નર્મદા જ.સં.પા.પુ. અને ક.વિભાગના પરિપત્રક્રમાંક- પરચ-૨૦૦૫-૨૩૩૮(૬૦)ક.૩ તા. ૨૧.૪.૨૦૦૫

શ્રીમાન

ઉપરોક્ત વિષયના અનુસંધાને સવિનય જણાવવાનું કે સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના અંતર્ગત ચોથા તબકકાના ૮૦:૨૦ માં ચેકડેમ બનાવવા માટેના વિભાગના અનુસંધાનિત પરિપત્ર અન્વયે સંબંધિત વિભાગીય કચેરી, પેટા વિભાગીય કચેરીની કામગીરી ફાળવી આપવામાં આવેલ છે અને તેની જાણ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રીઓને કરવામાં આવેલ છે. જેના અનુસંધાને તેઓએ કામગીરી હાથ ધરવાની થાય છે.

યોજના સમયસર અને સારી રીતે કાર્યાન્વીત થાય તે માટે સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રીઓએ તેઓના કાર્યક્ષેત્ર હેઠળના જીલ્લાઓમાં તમામને સમયસર જાણ થઇ શકે તે માટે બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં યોગ્ય જાહેરાત કરી તથા સંબંધિતોને જાણ કરવાની કામગીરી હાથ ધરવાની રહેશે. આના અનુસંધાને નમુનારૂપ આપવાની થતી જાહેરાતની નકલ આપની જાણ અર્થે આ સાથે સામેલ છે. તેમાં જરૂરી સુધારા વધારા કરી સત્વરે કામગીરી પુર્ણ કરી અત્રે જાણ કરશો. આ બાબતને ટોચની અગ્રીમતા આપી કરેલ કાર્યવાહીનો અહેવાલ દિન-૩ માં અત્રે મળી જાય તે પ્રમાણેની વ્યવસ્થા કરવા વિનંતી છે.

( વી.એસ.બ્રહ્મભટ્ટ )
મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને
અધિક સચિવ.

બિડાણ- પ્રેસનોટનો નમુનો.

—પા ७७—

D:\My Documents-૨૦૦૫-R\KFP\AS (NG) LETTER.doc-૧૨

# <u>પ્રેસ</u> <u>નોટ</u>

## સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના
## (ચોથો તબક્કો)

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત ચોથા તબક્કામાં ૮૦:૨૦માં ચકડેમો બનાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ યોજના હેઠળ સ્થાનિક વોકળા ઉપર રૂા. ૩ લાખ સુધીની અંદાજિત કિંમતના નાના ચકડેમો ખેડૂત લોકજૂથો ધ્વારા, જયારે નદીઓ, કાંસ (ડ્રેઇનો) તથા મોટા સ્થાનિક વોકળા ઉપર રૂા. ૩ લાખથી રૂા. ૧૫ લાખ સુધીના અંદાજિત કિંમતના ચકડેમોમાં ખેડૂત લોકજૂથો તથા સ્વૈચ્છિક સંસ્થાઓ ભાગ લઇ શકશે.

ઉપરોક્ત કામગીરી માટે રસ ધરાવતા ખેડૂતો તથા સ્વૈચ્છિક સંસ્થાઓને અરજી કરવા તથા માહિતિ મેળવવા માટે નીચ પ્રમાણેની કચરીઓનો સંપર્ક કરવા વિનંતિ છે.

(૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ નાના વોકળા તથા મોટા સ્થાનિક વોકળા, ડ્રેઇનો ઉપર ચકડેમો બાંધવા માટે નીચ દર્શાવેલ સંબંધિત કચરીનો સંપર્ક સાધવાનો રહેશે.

(૨) **જિલ્લાનું નામ:- અમદાવાદ,**

| અ.નં. | તાલુકો | પે.વિ.કચેરીનું નામ. અને સરનામું તથા ટેલીફોન નંબર. | સંબંધિત વિભાગીય કચરીનું નામ. સરનામુ. |
|---|---|---|---|
| ૧. | સાણંદ, વિરમગામ, માંડલ | સાણંદ સિંચાઇ પેટા વિભાગ, સાણંદ. ૦૨૭૧૭-૨૨૨૪૮૮ | અમદાવાદ સિંચાઇ વિભાગ, એલ.ડી.એન્જી.કોલેજ કંમ્પાઉન્ડ,અમદાવાદ. ટે.નં. ૦૭૯-૨૬૩૦૩૪૯૭ |
| ૨. | ધોળકા, બાવળા | બાવળા સિંચાઇ પેટા વિભાગ, બાવળા. ૦૨૭૧૪-૨૨૨૪૮૮ | અમદાવાદ સિંચાઇ વિભાગ, એલ.ડી.એન્જી.કોલેજ કંમ્પાઉન્ડ,અમદાવાદ. ટે.નં. ૦૭૯-૨૬૩૦૩૪૯૭ |
| ૩. | બરવાળા, ધંધુકા, રાણપુર, દશક્રોઇ | જળસંપત્તિ સંશોધન પેટા વિભાગ, સી.૯, અપના બજાર, લાલદરવાજા, જીલ્લા પંચાયત કચરી પાસે, અમદાવાદ ટે.નં.૦૭૯-૨૫૫૦૭૦૯૮ | જળસંપત્તિ સંશોધન વિભાગ, જીલ્લા પંચાયત કચરી પાસે, લાલ દરવાજા, અમદાવાદ. ટે.નં.૦૭૯-૨૫૫૦૭૦૯૮ |

(૩) નર્મદા મુખ્ય નહેર તથા સુજલામ્ સુફલામ્ નહેરની વચ્ચ આવતી મોટી નદીઓ ઉપરન ચકડેમો ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લીમીટેડ ધ્વારા અલાયદા હાથ ધરવામાં આવેલ છે.

(૪) અંદાજિત કિંમતના સંદર્ભમાં તથા કોઇ બાબતે સ્પષ્ટતાની જરુરી હોય તેવા કિસ્સાઓમાં નજીક ઉપર દર્શાવેલ સિંચાઇ વિભાગની કચરીમાં અરજી આપવાની રહેશે. તેમના તરફથી તે અર પરત્વે સત્વરે યોગ્ય તે કાર્યવાહી કરી અરજી કરનારને જાણ કરવામાં આવશે.

(૫) સંબંધિતો ધ્વારા ઉપર દર્શાવેલ કચરીમાં તા. ૧૫-૦૫-૨૦૦૫ સુધી અરજી કરવાની રહેશે.

(૬) નિયત કચરી પર કચરી સમય દરમ્યાન રજાના દિવસો સિવાય અરજીઓ સ્વીકારવામાં આવશે.

અધિકારી/ કચરીનું નામ.